ભિલોડા કોટેજ હોસ્પિટલના ડૉક્ટર-સ્ટાફના ઉદ્ધત વર્તન સામે રોષની જવાળાઓ

મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો

ભિલોડા, તા.૧૮

ભિલોડા કોટેજ હોસ્પિટલમાં કોરોનાના કપરા કાળમાં તબીબી સ્ટાફને માનવતા નેવે મૂકતા દ્રશ્યો સામે આવતાં પ્રજામાં ફીટકાર જોવા મળ્યો. બીજા દિવસે પણ કોરોના દર્દીની સારવારમાં ઢીલાશ દાખવવા બદલ ઈમરજન્સી વોર્ડના ડૉક્ટર અને સ્ટાફ નર્સના ઉદ્ધત વર્તન સામે લોકરોષની જવાળાઓ સામે આવી હતી. મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે પરંતુ પોલીસે માનવતા દાખવી માત્ર અરજી લઈને તપાસ શરૂ કરી છે.

કોરોનાના કપરા કાળમાં કોવિડ સેન્ટરોમાં ફરજ બજાવતા ડૉક્ટર અને નર્સ સહિતના સ્ટાફની કામગીરીને સૌ બિરદાવી રહ્યા છે. પરંતુ ક્યાંક જૂજ ડૉક્ટર અને સ્ટાફના અસભ્ય વર્તનથી સમગ્ર તબીબી સારવાર કરતો સ્ટાફ બદનામ થઈ રહ્યો છે. ભિલોડાની કોટેજ હોસ્પિટલમાં દાખલ કરેલા કોરોના સંક્રમિત લક્ષણ ધરાવતા દર્દીને રાત્રિના સમયે સારવાર ન કરાતાં આ મામલો બીજા દિવસ સવારથી ગરમાયો હતો. કોટેજ હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડના ડૉક્ટર અને સ્ટાફ નર્સના કહેવાતા ઉદ્ધત વર્તન સામે પણ મોટાભાગના દર્દીઓ અને તેમના સગાઓએ જાહેરમાં રોષ વ્યક્ત કર્યો છે. જિલ્લા કલેક્ટરે પણ ભિલોડા કોટેજ હોસ્પિટલમાં દર્દી અને સ્ટાફ વચ્ચે બહાર આવતા ઘર્ષણના બનાવોને ગંભીરતાથી લઈ યોગ્ય સંકલન થાય તેવી વ્યવસ્થા ગોઠવવી પડશે અન્યથા કોવિડ હોસ્પિટલમાં લોહીયાળ જંગ થાય તેવી દહેશત પણ સેવાઈ રહી છે.

શામળાજી પોલીસે રાજસ્થાન પાર્સિંગની

કારમાંથી ૮૦ લાખની રોકડ જપ્ત, ૩ ની અટકાયત

અધધ રોકડનો કોઈ હિસાબ ન મળતાં આયકર વિભાગને જાણ કરાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

શામળાજી પોલીસે રાજસ્થાનથી ગુજરાતમાં પ્રવેશતી કારની તલાશી લેતાં તેમાંથી સીટ નીચે બનાવેલા ગુપ્ત ખાનામાં સંતાડેલા રૂા.૮૦ લાખ રોકડા મળી આવતાં સમગ્ર જિલ્લામાં સનસનાટી મચી ગઈ છે. માતબર

રકમ કારમાં સંતાડીને કેમ લઈ જવાતી હતી..?? તેની પૂછપરછ માટે ચાલક સહિત ૩ જણની અટકાયત કરવામાં આવી છે. માતબર રકમ મુદ્દે પોલીસ દ્વારા આયકર વિભાગને જાણ કરવામાં આવી છે.

કોરોનાના કપરા કાળ પછી રતનપુર બોર્ડર ઉપર છેલ્લા ૨ દિવસથી સપ્તાઈ દાખવવામાં આવી છે. રાજસ્થાનથી ગુજરાતમાં અને ગુજરાત થી રાજસ્થાનમાં પ્રવેશતા તમામ વાહનોનું સઘન ચેકીંગ અને ચાલક અને મુસાફરો કોરોનાગ્રસ્ત છે કે કેમ..?? તે માટે આર.ટી.પી.સી.આર. રિપોર્ટની ચકાસણી થઈ રહી છે. ત્યારે ગત રોજ રાત્રે અણસોલ ચેકપોસ્ટ પાસે શામળાજી પોલીસ વાહનોનું ચેકીંગ કરતી હતી ત્યારે કાર (નં.આર.જે.૨૭-સીજે-૫૧૭૫) થોભાવી તપાસ કરતાં ખાલી સાઈડની સીટ નીચે બનાવેલા ગુપ્ત ખાનામાંથી થેલામાં ભરેલા રૂા.૮૦ લાખ રોકડા મળી આવ્યા હતા. પોલીસે માતબર રોકડ રકમ અંગે પૂછપરછ કરતાં કોઈ યોગ્ય જવાબ મળ્યો ન હતો જેથી રોકડ રકમ અને કાર સહિત કુલ રૂા.૯૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કારચાલક તથા તેના અન્ય બે સાગરીતો સામે પોલીસે સી.આર.પી.સી. કલમ-૧૦૨, ૪૧ (ડી) મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

કાળ મુખો કોરોના, ઈડરના નિવૃત શિક્ષક-પ્રોફેસરને ભરખી ગયો

પૂર્વ સી.આર.સી.કો. ઓર્ડીનેટર રણછોડભાઈ ચૌધરી અને ઇડ કોલેજના પ્રોફેસર પંચોલીનું મોત

કોરોના ની બીજી લહેર અતી ભયંકર અને જીવલેણ સાબિત થઈ છે,ગુજરાત સહિત વિશ્વ આખું કોરોના ની મહામારી સામે ઝઝુમી રહ્યું છે.ગુજરાત માં દિવસે ને દિવસે પરિસ્થિતિ કાબુ બહાર જઈ રહી છે.હોસ્પિટલમાં બેડ નથી,ઓક્સિજન ની અછત વર્તાઈ રહી છે.અને રેમડેસીવી ર ઈન્જેકશન ની અછતે આખા ગુજરાત માં હાહાકાર મચાવી દીધો છે.ત્યારે ઈડરના જાલિયા ગામના વતની અને પૂર્વ સી.આર.સી.કો-ઓર્ડીનેટર રણછોડભાઈ ચૌધરી સ્વભાવે શાંત અને ઈડર પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે

નામના ધરાવતા વર્ષો સુધી દેશોત્તર જૂથના સી.આર.સી કો-ઓર્ડીનેટર તરીકે સેવાઓ આપી ટૂંક સમય પહેલા જ નિવૃત્ત થઈ ગાંધીનગર ખાતે સ્થાઈ થયેલ રણછોડભાઈ ને કોરોના ને લઈને બે દિવસ પહેલા સોલા સિવિલ ખાતે દાખલ કરાયા હતા ,જ્યાં તેમનું ઓક્સિજન લેવલ ઘટી જતાં મોત નિપજ્યું હતું.જ્યારે એવાજ ઈડર કોલેજના ગુજરાતી વિષયના પૂર્વ પ્રોફેસર અને ઉત્તર ગુજરાત માં ગુજરાતી વિષય ના ડિન પૂર્વ પ્રોફેસર રોહીત પંચોલી ઈડર ની આંજણા પાટીદાર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ માંથી બે વર્ષ પહેલાં નિવૃત થઈ ગાંધીનગર ખાતે સ્થાઈ થયેલ તેમનું પણ ગઈ કાલે કોરોના ને કારણે મોત થયુ હતું ,આ બંને શિક્ષણ ક્ષેત્રે ઈડર અને સમગ્ર ઉત્તર ગુજરાત માં નામના મેરાવનાર બંને મહાનુભાવો ને કોરોના ભરખી જતા સમગ્ર વિસ્તારમાં શોક ની લાગણી ફેલાઈ છે.ત્યારે આબન્ને મહાનુભાવો ના અવસાન ના સમાચારે ઈડર તાલુકા આંજણા સમાજના પ્રમુખ અને ઈડર આંજણા પાટીદાર આટર્સ એન્ડ કોમર્સ કોલેજ ના મંત્રી જીતુભાઈ દેસાઈ ,પૂર્વ બી.આર.સી કો-ઓર્ડીનેટર ભવજીભાઈ પટેલ,હરિભાઈ પટેલ,તેમજ સમાજ સૌ આગેવાનો અને મિત્ર સર્કલ ,આગેવાનો એ રણછોડભાઈ ચૌધરી ને શ્રદ્ધાંજલી આપી હતી.

ગાંધીનગરનો મોસ્ટ વોન્ટેડ આરોપી

સાબરકાંઠા પોલીસે મર્ડર, લૂંટ સહિતના ગુનામાં સંડોવાયેલ ખુંખાર આરોપી સલીમ બાદશાહને દબોચ્યો

૧૫ ગુનાની કબુલાત, સૌથી વધુ ગુના ગાંધીનગરમાં આચર્યા, ૨૩ અધિકારી-કર્મચારીની ટીમનું સફળ ઓપરેશન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

ગાંધીનગર જિલ્લામાં મર્ડર, ચકચારી લૂંટ વિથ ડબલ મર્ડર સહિતના ગુનામાં આજીવન કેદ તેમજ અનેક ગુનાઓમાં

સંડોવાયેલા મહારાષ્ટ્ર પોલીસના વોન્ટેડ આરોપી અમીન ઉર્ફે સલીમ બાદશાહ મનસૂરીને સાબરકાંઠા એલ.સી.બી.એ બાતમીના આધારે ગાંભોઈ નજીકથી દબોચી લીધો હતો. પોલીસે તેની કડકાઈથી પૂછતાછ કરતાં ૧૫ ગુનાની કબુલાત કરી છે તેની સામે સૌથી વધુ ગુના ગાંધીનગરમાં નોંધાયેલા છે. ખુંખાર આરોપીને ઝડપી લેવા માટે એલ.સી.બી. પી.આઈ., એમ.ડી.ચંપાવત, પી.એસ. આઈ., બી.યુ.મૂરીમા, જે.આર. દેસાઈ સહિત ૨૩ અધિકારી-કર્મચારીઓનો કાફલો કામે લાગ્યો હતો અને ટીમના સફળ સંકલનથી રાજ્ય તેમજ આંતરરાજ્ય વોન્ટેડ ગુનેગાર સાબરકાંઠા પોલીસને હાથ લાગ્યો છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ખેડબ્રહ્મા, હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાના નાસતા ફરતા આરોપીઓની તપાસ ટેકનિકલ સર્વેલન્સ અને મોબાઈલ પોકેટ કોપ આધારે ચાલી રહી હતી અને તેમાં સાબરકાંઠા એલ.સી.બી.ને બાતમી મળી હતી કે ગાંધીનગર સેક્ટર-૭ પોલીસ સ્ટેશનનો હીસ્ટ્રી સીટર અમીન ઉર્ફે સલીમબાદશાહ હાજીમહંમદ મનસૂરી શામળાજી નજીકના નાનાસામેરામાં અવર જવર કરે છે. જેથી પોલીસે નાનાસામેરામાં બાતમીદારોને સતર્ક કર્યા હતા અને બાતમી મળી હતી કે હીસ્ટ્રી સીટર આરોપી ગાંભોઈ થી રણાસણ માર્ગ ઉપર જવાનો છે અને તે ચોરીનું ટીવી લઈને વેચવા નિકળ્યો છે. બાતમીના આધારે સાબરકાંઠા પોલીસ એલર્ટ થઈ ગઈ અને બાતમી આધારીત શખ્સને ઉભો રાખી પૂછતાં તેને પોતાનું નામ અમીન ઉર્ફે સલીમ મનસૂરી અને તે હાલ ગાંધીનગરના વાવોલમાં રહેતો હોવાનું જણાવ્યું હતું ત્યારબાદ તેની પૂછપરછ કરતાં તેની પાસેથી સોનાનું પેડલ, સોનાની રણી, સોનાની લગડી સહિત કુલ રૂા.૯૫,૪૦૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો. તેની અંગજડતી દરમ્યાન મળેલો મુદ્દામાલ અને એલ.ઈ.ડી. સહિત કુલ રૂા.૧,૦૭,૪૦૦નો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો છે અને તેની પૂછપરછ દરમ્યાન ભિલોડા, ધનસુરા તેમજ મહારાષ્ટ્રના નાસિક વણી પોલીસ સ્ટેશનના ઘરફોડ તસ્કરીના ગુનાના ભેદ ઉકેલાયા છે.

આરોપીએ સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં સૌથી વધુ ગુના આદર્યા..

બાયડ : રાજ્ય પોલીસ જેને શોધતી હતી તેને ખુંખાર અને વોન્ટેડ આરોપી સલીમ બાદશાહ સાબરકાંઠા એલ.સી.બી.ના હાથે ઝડપાઈ ગયો છે. આરોપીએ અત્યાર સુધીમાં કુલ-૨૯ ગુનાઓને અંજામ આપ્યો છે અને વર્ષ-૨૦૧૦ થી ૨૦૧૮ના સમયગાળા દરમ્યાન તેને સતત ગુના આચર્યા છે. તેમાં ખાસ કરીને ગાંધીનગરના સેક્ટર-૭ પોલીસ સ્ટેશનની હદમાં તેની સામે મર્ડર, મર્ડર વિથ લૂંટ, ઘરફોડ, મારામારી સહિતના ગુના નોંધાયા છે. સેક્ટર-૭ ઉપરાંત સેક્ટર-૨૧, સેક્ટર-૬ પોલીસ સ્ટેશનમાં પણ તેની વિરૂદ્ધ ગુનો નોંધાયા છે. જ્યારે અમદાવાદના નરોડા, રાણીપ પોલીસ સ્ટેશનની હદમાં પણ તેની વિરૂદ્ધ ગુના નોંધાયા છે. અમદાવાદ, રાણીપમાં જેલમાં ફોન સાથે પણ તે પકડાયેલો છે. તેની સામે અગાઉ પ્રિઝન એક્ટ હેઠળ પણ ગુના નોંધાયાનું સાબરકાંઠા એલ.સી.બી.એ જણાવ્યું છે.

ગાંધીનગરમાં ગેંગ બનાવી ગુનાને અંજામ આપતો..

બાયડ : પોલીસની તપાસમાં બહાર આવ્યું છે કે હીસ્ટ્રી સીટર આરોપી સલીમ બાદશાહ વર્ષ-૨૦૧૦ થી ગુનાહીત કાળો ઈતિહાસ શરૂ કર્યો હતો. ગાંધીનગર સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં વર્ષ-૨૦૧૦, ૧૧, ૧૨, ૧૩ તેની સામે મર્ડર, મારામારી, મર્ડર વિથ લૂંટ, ઘરફોડ સહિતના ગુના નોંધાયેલા છે તેને ગાંધીનગરમાં મર્ડર અને ડબલ મર્ડર વિથ લૂંટના ગુનામાં આજીવન કેદની સજા થયા પછી પોલીસ જામામાંથી ફરાર થઈ ગયો હતો અને ત્યારબાદ ગાંધીનગરમાં ગેંગ બનાવી દિવસ દરમ્યાન ઘરફોડ ચોરીને અંજામ આપતો હતો. તદ્ઉપરાંત મહારાષ્ટ્રના નાસિકમાં પણ તેની સામે ગુના નોંધાયેલા છે. સાબરમતી જેલવાસ દરમ્યાન જેલમાં મોબાઈલ રાખવા તેમજ એન.ડી.પી.એસ. ગુના આચાર્યાની પણ વિગતો સામે આવી છે.

૩ જિલ્લાની ઘરફોડ ચોરી ઉકેલાઈ

બાયડ : પોલીસે જણાવ્યું કે ચકચારી લૂંટ વિથ ડબલ મર્ડર કેસના વોન્ટેડ આરોપી સલીમ બાદશાહે અરવલ્લી ઉપરાંત ગાંધીનગર અને મહેસાણા જિલ્લાની ઘરફોડ ચોરી આચર્યાનું પણ કબુલ્યું છે. પોલીસ તપાસ દરમ્યાન અનેક ગુનાના ભેદ ઉકેલાઈ શકે છે.

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં શ્રમિકોના અભાવે ક્વોરી ઉદ્યોગ ઉપર સંકટ

હોળી-ધૂળેટીમાં ઘરે ગયેલા શ્રમિકો હજુ પરત ફર્યા નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

જિલ્લામાં કોરોનાના કેસમાં ઉછાળો આવવાની સાથે મૃત્યુદર ઉંચકાયો છે. કોરોનાના ગતિ પકડી રહેલા સંક્રમણથી ફરીથી લૉકડાઉન તો નહીં આવે ને તેની આશંકા બે દિવસથી હાવિ થઈ છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં હોળી-ધૂળેટીમાં ઘરે ગયેલા મોટાભાગના શ્રમિકો પરત ન ફરતાં ૧૨૦ થી વધુ ક્વોરી ઉદ્યોગ ઉપર સંકટ ઉભું થયું છે. અનેક ક્વોરી ઉદ્યોગમાં શ્રમિકોના અભાવે કામ ખોરંભે પડી રહ્યાં છે. આવી સ્થિતિ લાંબો સમય ચાલશે તો ઉદ્યોગકારોને તો ફટકો પડશે પરંતુ સરકારની રોયલ્ટીની આવકને પણ અસર થઈ શકે છે. કોરોનાના કપરા કાળમાં ક્વોરી ઉદ્યોગ સંકટમાં છે ત્યારે સરકારે પણ ક્વોરી ઉદ્યોગ માટે વિશેષ સહાય પેકેજ જાહેર કરવું જોઈએ.

સવાર થી સાંજ સુધી કોરોનાનો મુદ્દો સતત હાવિ રહેતો હોય છે. હવે તો આસપાસમાં કોઈ કોરોનાનો દર્દી હોવાનું જાણવા મળે તો પણ પ્રજા ઘરમાં પુરાઈ

જાય છે અને આવા પરિવારના ઘરથી દૂર રહેવાનું પસંદ કરે છે. પરંતુ આ બધું ક્યાં સુધી ચાલશે. કોરોનાના વિસ્ફોટ પછી લાગે છે કે કોઈ ઘર કોરોનાથી સંક્રમિત રહે તેવું દેખાતું નથી. વેપારીઓએ પણ કોરોનાના ડરામણા ચહેરાથી સ્વયંભૂ લૉકડાઉનનો માર્ગ અપનાવ્યો છે. ગત વર્ષે સરકાર દ્વારા લૉકડાઉન આપવામાં આવ્યું અને પછી જે હીજરત જોવા મળી તેના દ્રશ્યો આજે પણ આંજલ થતા નથી. આ વર્ષે સ્વયંભૂ લૉકડાઉન તરફ વેપારીઓ વળ્યા છે. શ્રમિકોને પણ આશંકા છે કે કોરોનાના કેસ વધતાં ફરી લૉકડાઉન આવશે અને અટવાઈ પડીશું જેના કારણે જિલ્લાના સાઠંબા, વાત્રક, સીમલી, અલવાકંપા, જશવંતપુરા, રાજપુર, વડાગામ, આંતરોલી, ખેડબ્રહ્મા સહિતના વિસ્તારોમાં ક્વોરી ઉદ્યોગમાં કામ કરતા શ્રમિકો હોળી-ધુળેટીના તહેવારમાં વતન ગયા પછી પરત ફર્યા નથી. તેમને આશંકા છે કે લૉકડાઉન આવી જશે તો ફરીથી પગપાળા ચાલીને ઘરે પહોંચવું પડશે આ સંજોગોમાં ભલે રોજગારી જાય પરંતુ જીવ ગુમાવવો નથી..તેવું માની મોટાભાગના શ્રમિકો પરત ન આવતાં અનેક ક્વોરી ઉદ્યોગો માંડ જૂજ સમય માટે ચાલી રહ્યા છે. ક્વોરી ઉદ્યોગકારો ઉપર લોન સહિતના અનેક આર્થિક ભારણ છે. આ સંજોગોમાં ક્વોરી ઉદ્યોગને વિજ બીલ, વ્યાજ માફી સહિતના બુસ્ટર ડોઝથી ઉગારી લેવામાં આવે તો જ ક્વોરી ઉદ્યોગનું અસ્તિત્વ લાંબા સમય સુધી ટકી રહેશે અન્યથા ક્વોરી ઉદ્યોગ કોરોનાના કપરા કાળમાં જ મરણતોલ અવસ્થાનમાં આવી શકે છે.

મશાલ ગામ કડવા પાટીદાર સમાજનું ગૌરવ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના પૂર્વ સભ્ય, ઉમેદગઢ હાઈસ્કુલના આચાર્ય ભાનુપ્રસાદ પટેલના પુત્ર ડૉ.સ્મિત પટેલે ગુજરાત યુનિ. દ્વારા લેવાયેલ ફાઈનલ યર એમ.બી.બી.એસ. પરીક્ષામાં ૭૧ ટકા મેરીટ સાથે કોલેજ કક્ષાએ ૭મા રેન્ક સાથે ઉત્તિર્ણ થઈ બી.જે. મેડીકલ કોલેજ-અમદાવાદ તેમજ મશાલગામ, મુખી પરિવાર અને બેતાલીસ ગામ કડવા પાટીદાર સમાજનું ગૌરવ વધારતાં સૌએ અભિનંદન પાઠવ્યા હતા.

અરવલ્લીની પાંચ ખાનગી હોસ્પિટલોને કોવિડ દર્દીઓની સારવાર કરવા માટે તંત્રની મંજૂરી

મોડાસાની ૪ અને બાયડની ૧ હોસ્પિટલનો સમાવેશ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છે. સરકારી કોવિડ હોસ્પિટલમાં હાઉસ્ફુલની સ્થિતિ છે ત્યારે તંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા કોવિડના દર્દીઓની સારવાર માટે જિલ્લાની ૫ હોસ્પિટલોને મંજૂરી આપવામાં આવી છે તેમાં મોડાસાની ૪ અને બાયડની ૧ હોસ્પિટલનો સમાવેશ કરવામાં આવ્યો છે. કોવિડ સારવાર માટે ડેજીગ્નેટેડ કરાયેલી હોસ્પિટલોને નિયમોનું યોગ્ય પાલન કરવા પણ તાકીદ કરવામાં આવી છે.

છેલ્લા કેટલાક દિવસથી જિલ્લામાં કોરોના વિસ્ફોટની સ્થિતિ છે. સતત સંક્રમણ વધ્યું છે જેથી સરકારી કોવિડ હોસ્પિટલમાં પણ દર્દીઓને વેઈટીંગની સ્થિતિમાં રહેવું પડે તેવી સ્થિતિ છે. જ્યારે ખાનગી હોસ્પિટલોમાં કોરોના દર્દીઓને સારવાર મળતી હતી પરંતુ રાજ્યના અનેક વિસ્તારોમાં બહાર આવેલી કેટલીક વિગતો પછી સરકાર દ્વારા કોવિડ દર્દીઓની સારવાર માટે માન્યતા પ્રાપ્ત હોય તેવી હોસ્પિટલોને જ ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન આધારે રેમડેસિવિર ઈન્જેક્શનનો જથ્થો આપવાનો નિર્ણય કરી કલેક્ટરને તેની સત્તાઓ આપવામાં આવી છે. અરવલ્લી જિલ્લામાં ૧૦ થી વધુ ખાનગી હોસ્પિટલોએ કોરોના દર્દીઓની સારવાર માટે તંત્ર સમક્ષ મંજૂરી માગી હતી. જેમાં નક્કી કરાયેલા માપદંડોના આધારે તે પૈકી ૫ હોસ્પિટલોને કોવિડ દર્દીઓની સારવાર કરવા માટે તંત્ર દ્વારા ગત રોજ મંજૂરી આપવામાં આવી છે.

કઈ હોસ્પિટલને મંજૂરી

કેશવ હોસ્પિટલ, બાયડ
સત્યમ હોસ્પિટલ, મોડાસા
સંજીવની હોસ્પિટલ, મોડાસા
અભિગમ હોસ્પિટલ, મોડાસા
એઈમ્સ હોસ્પિટલ, મોડાસા

હિંમતનગર શહેરમાં ધોળા દહાડે સોનાના દાગીનાની તફડંચી કરી ગઠિયાઓએ રાડ પડાવી

હિંમતનગર શહેરમાં ધોળા દહાડે સઢા ગામના ૬૭ વર્ષીય આધેડને રિક્ષામાં બેસાડી પેન્ટનુ ચોર ખિસ્સું કાપી નજર ચૂકવી રૂ. ૧.૮૦ લાખના સોનાના દાગીનાની તફડંચી કરી રિક્ષા ચાલક સહિત ગ્રાહકના સ્વાંગમાં બેઠેલા ૪ ગઠિયાઓ કળા કરી રફુચક્કર થઈ જતાં હિંમતનગર બી ડીવીઝન પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જન્મદિને વધામણી

આકાશકુમાર એ. પટેલ
(મ.શિ.: આકરૂન્દ હાઈસ્કુલ)
મોટુકા, તા.તલોદ

મિલનભાઈ એસ. ચૌધરી
મહેસાણા

અનિલભાઈ પટેલ
(પૂર્વ સંગઠન પ્રમુખ : અરવલ્લી જિલ્લા ભાજપ યુવા મોરચો) મોડાસા

કલ્પન અનિલભાઈ પટેલ
ધનસુરા

વિશાલ અરવિંદભાઈ પટેલ
બાયડ (અમદાવાદ)

ડૉ. પ્રકાશ એ. પટેલ
બાયડ (ચોઈલા)

દિમાંશુ પટેલ
બાયડ

દુ:ખદ અવસાન

બાયડના લાલાભાઈ (જગદીશભાઈ)બારોટના પિતા અમૃતભાઈ પરસોત્તમભાઈ બારોટ (નિવૃત્ત કર્મચારી : બાયડ એસ.ટી. ડેપો)નું દુ:ખદ નિધન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૨૩ એપ્રિલ, શુક્રવારે સવારે ૧૦-૦૦ થી ૨-૦૦ તેમના નિવાસસ્થાન સી-૧૪, વ્રજગાર્ડન સોસાયટી, ચોઈલા રોડ, બાયડ ખાતે રાખેલ છે. બેસણામાં આવનાર દરેક વ્યક્તિએ સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરવું અને માસ્ક ફરજીયાત પહેરવા વિનંતી છે.